# ઊંડા અંધારેથી...

## VFI ના નેજા હેઠળ રાષ્ટ્રીય નેત્ર યજ્ઞ, મોબાઈલ વાન આઈ ક્લિનિક, બાલ દ્રષ્ટિ, પોલીસ જ્યોતિ જેવી યોજનાઓને અમલમાં મૂકીને નેત્રજ્યોતિ પ્રદાન કરવામાં આવે છે

■ રક્ષા પી.શાહ

શારીરિક, માનસિક કે આર્થિક પૈકી કોઈ પણ સ્તરે પછાત દ્રષ્ટિહીન વ્યક્તિને દ્રષ્ટિ પ્રદાન કરવા ઉપરાંત ભારતમાં અંધત્વને નેસ્તોનાબૂદ કરવા જેવું ઉમદા લક્ષ્યાંક છે, વિઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા(VFI)નું. વિશ્વભરમાં અંદાજે ૪ કરોડ ૫૦ લાખ વ્યક્તિ દ્રષ્ટિહીન છે. જે પૈકી ૧.૮૦ કરોડ ભારતીય છે અર્થાત આંકડાકીય માહિતી મુજબ સમગ્ર જગતના દ્રષ્ટિહીન પૈકી ૪૦ ટકા જેટલા ભારતીય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના રિપોર્ટ મુજબ વિશ્વભરમાં પ્રત્યેક પાંચ સેકંડે એક વ્યક્તિ જ્યારે પ્રત્યેક મિનિટે એક બાળક અંધત્વનો ભોગ બને છે. VFIના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ.કુલીન કોઠારી વિસ્તૃતમાં માહિતી આપતાં જણાવે છે કે ભારતીયજનને દ્રષ્ટિહીન કરનારી પ્રથમ ક્ષતિમાં કેટરેક્ટ (મોતિબિંદુ)નું સ્થાન આવે છે. ૯ કરોડ જેટલા ભારતીય કેટરેક્ટને કારણે નેત્રજ્યોતિ ગુમાવે છે. જ્યારે શેષમાં ગ્લુકોમા, ડાયાબિટીક રેટિનોપથી તથા રિફ્રેક્ટિવ ક્ષતિનો સમાવેશ થાય છે. જોકે આ પૈકી લગભગ ૮૦ ટકા જેટલી સમસ્યાનું સુલભતાપૂર્વક સમાધાન સાધી શકાય છે, પરંતુ સૌથી મોટી દુખદ અને અરેરાટીજનક હકીકત એ છે કે ગરીબી અને દ્રષ્ટિહીનતાનો સમન્વય કમનસીબીની પરાકાષ્ઠાએ છે. દ્રષ્ટિહીન લોકોની શારીરિક માનસિક સમસ્યાને ધ્યાનમાં રાખીને કાબેલ, નિપુણ તથા અનુભવી ઓફથેલ્મોલોજિસ્ટ ડૉ.કુલીન કોઠારીએ આજથી બે દાયકા અને બે વર્ષ અગાઉ ૧૯૯૩માં વિઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા VFI નામે ચેરિટી સંસ્થાની સ્થાપના કરી. VFIના ટ્રસ્ટીઓના મતાનુસાર કોઈપણ ભારતીયજન શારીરિક, માનસિક કે આર્થિક કારણોસર દ્રષ્ટિ સંબંધિત સમસ્યાની સારવારથી વંચિત ન રહે એ હેતુસર સંસ્થાના નેજા હેઠળ આર્થિક રીતે પછાત લોકોની તદ્દન નિઃશુલ્ક સારવાર પ્રદાન કરવામાં આવે છે. મેનેજિંગ ટ્રસ્ટી ડૉ.કુલીન કોઠારી વિસ્તૃતમાં માહિતી આપતા ઉમેરે છે કે VFIના મુખ્ય હેતુઓમાં સમગ્ર દેશમાં પ્રત્યક્ષ કે પરોક્ષપણે સેવા કરવાનો સમાવેશ થાય છે. આ અંતર્ગત દ્રષ્ટિહીન કરનારી ક્ષતિઓને શક્ય એટલી કાબૂમાં રાખવાનો, સંપૂર્ણ સારવાર કરવાનો તથા નાઈલાજ દ્રષ્ટિહીન વ્યક્તિઓને પુનઃસંસ્થાપિત કરવાનો સમાવેશ થાય છે. VFIના છેલ્લાં ૨૨ વર્ષથી મેનેજિંગ ટ્રસ્ટી ડૉ.કુલીન કોઠારી તેમના નેતૃત્વ હેઠળની સંલગ્ન બોમ્બે સિટી આઈ ઈન્સ્ટિટ્યૂટ એન્ડ રિસર્ચ સેંટર BCEIRC હોસ્પિટલના નેજામાં દ્રષ્ટિહીનતાને નાથવા માટે સમાજસેવારૂપી યજ્ઞમાં આહુતિ આપી રહ્યા છે. આ અંતર્ગત BCEIRC ખાતે લગભગ પ્રત્યેક બે મહિને એક વાર **ઈન-હાઉસ કેમ્પનું** આયોજન કરવામાં આવે છે. જેમાં આર્થિક રીતે નબળા વર્ગના લોકોને તદ્દન નિઃશુલ્કપણે સારવાર પ્રદાન કરવામાં આવે છે. **મોબાઈલ વાન આઈ ક્લિનિકને** અંતર્ગત તબીબી સેવાથી વંચિત અંતરિયાળ ગ્રામિણ વિસ્તારોમાં તેમને ઘરઆંગણે જઈને સારવાર પ્રદાન કરવામાં આવે છે. નવનીત શાહ તથા રેવાબેન તારાચંદ શાહ મોબાઈલ આઈ ક્લિનિક હકીકતમાં અત્યાધુનિક આઈ - રિફ્રેક્શન યુનિટ, ઓટો-રિફ્રેક્ટોમીટર, લેન્સોમીટર જેવી સાધનસામગ્રીયુક્ત છે. સંપૂર્ણપણે વાતાનુકૂલિત (એરકંડિશન) મોબાઈલ વાનમાં એક સાથે ત્રણ પેશન્ટની ચિકિત્સા કરી શકાય છે. મુંબઈના અનકે પછાત વિસ્તારો ઉપરાંત થાણે, રાયગઢ અને પૂના જિલ્લાના અસંખ્ય ગ્રામીણવાસીઓ મોબાઈલ વાન આઈ ક્લિનિક દ્વારા સેવા પ્રદાન કરવામાં આવે છે.



નિઃશુલ્ક સારવાર કરવામાં આવેલા પેશન્ટ જ્યારે ઈન્સેટમાં ડૉ.કુલીન કોઠારી દૃષ્ટિભૂત થાય છે

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ની આંકડાકીય માહિતી મુજબ ભારતની કુલ વસતિ પૈકી ૦.૮૩ % બાળકો દ્રષ્ટિહીન છે. જે પૈકી અનેકને ચશ્મા અથવા તો આવશ્યક સારવાર દ્વારા પુનઃ દ્રષ્ટિયુક્ત કરી શકાય છે. જ્યારે દસ ટકાનું સમાધાન સર્જરી મારફતે આણી શકાય છે. આ બાબતને લક્ષમાં રાખીને VFI દ્વારા બાલ દ્રષ્ટિ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ અંતર્ગત વિવિધ સરકારી કે ખાનગી શાળાઓમાં સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. વધુમાં ૧૮ કે એનાથી નાની ઉંમરના પછાત વર્ગના નેત્ર સંબંધિત ક્ષતિઓયુક્ત બાળકોની BCEIRC ખાતે પિડિયાટ્રીક ઓફથેલ્મોજિસ્ટ દ્વારા નિઃશુલ્ક સારવાર કરવામાં આવે છે.

VFIએ આશરે દાયકા અગાઉ મુંબઈ પોલીસ સાથે સંકળાઈને **પ્રોજેક્ટ પોલીસ જ્યોતિ** નામે યોજના અમલમાં મૂકી છે. આ અંતર્ગત દરરોજ જરૂરતમંદ પોલીસની નિઃશુલ્કપણે જ્યારે તેના પરિવારજનોની રાહતના દરે સારવાર પ્રદાન કરવામાં આવે છે. વિવિધ પોલીસ સ્ટેશન તથા તેમના ક્વાર્ટર ખાતે આઈ-કેમ્પનું આયોજન પણ કરવામાં આવે છે.

VFI દ્વારા સંચાલિત **રૂરલ -આઈ-કેર સેંટર** યોજના હેઠળ થાણે જિલ્લાના મનોર ગામ તથા શાહપુર તાલુકાના ટાંકી પાથર ગામમાં આઈ-કેર સેંટર ચલાવવામાં આવે છે. ૨૦૦૮માં મનોર ગામ ખાતે સુમંગલ મેડિકલ સેંટર સાથે સંકળાઈને જ્યારે આદિવાસી ઉન્નતિ મંગલ સાથે સંકળાઈને તબીબી ટીમ દ્વારા દર મહિને એકવાર સેંટરની મુલાકાત લઈને ઓફથેલ્મિક ઓપીડી ચલાવવામાં આવે છે. વધુમાં દર મહિને ૩૫ થી ૪૦ કેટરેક્ટ પેશન્ટની પસંદગી કરીને મુંબઈ ખાતે સારવાર પ્રદાન કરવામાં આવે છે. આ ઉપરાંત ગ્લુકોમા, ડાયાબિટીક રેટિનોપથી જેવી અનેક પ્રકારની ક્ષતિઓની સારવાર પ્રદાન કરવામાં આવે છે. VFI દ્વારા ૧ એપ્રિલ ૨૦૧૫ અમલમાં મૂકવામાં આવેલી **પ્રોજેક્ટ રાષ્ટ્રીય નેત્ર યજ્ઞના** નેજા હેઠળ ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૫ પર્યંત ૧૫૨૦૦ ભારતીયજનની દ્રષ્ટિ સંબંધિત ક્ષતિનું સર્જરી દ્વારા સમાધાન સાધવામાં આવ્યું છે.

ડૉ. કુલીન કોઠારી તથા અન્ય ટ્રસ્ટીઓના મતાનુસાર નાણાકીય અછતને કારણે કોઈપણ ભારતીય દ્રષ્ટિ સંબંધિત ક્ષતિનો શિકાર બનીને સારવારથી વંચિત ન રહે એ હેતુસર VFIની સ્થાપના કરવામાં આવી છે. છેલ્લા બે દાયકા અને બે વર્ષથી તદ્દન નિઃશુલ્કપણે ભારતીયજનની દ્રષ્ટિ સંબંધિત ક્ષતિનું સમાધાન સાધનાર VFI આ પ્રકારની સેવા ફક્ત કામચલાઉ ધોરણે કે ટૂંક સમયના ગાળા માટે પ્રદાન નથી કરી રહ્યા. બલકે :

*કલ ઈસ ખેલ મેં હમ હો ના હો, ગર્દિશ મેં તારે રહેંગે સદા...* પંક્તિને યથાર્થ ઠેરવતા હોય એમ સેવાયજ્ઞ સૈકાઓ સુધી ચાલુ રાખવાની નેમ ધરાવે છે. ■

### મિશન : એબોલિશમેન્ટ ઓફ બ્લાઈન્ડનેસ

- આર્થિક રીતે પછાત વર્ગના લોકોને દ્રષ્ટિદાન પ્રદાન કરવું
- ભારતમાં દ્રષ્ટીહીનતાને નાબૂદ કરવા માટે અગ્રેસર ભૂમિકા
- ભારતના વિવિધ વિસ્તારોમાં આઈ-હોસ્પિટલ તથા અન્ય એનજીઓ સાથે નેટવર્ક દ્વારા સંકળાવવું.
- VFIને યોગ્ય માર્ગદર્શન માટે સલાહકાર સમિતિ તથા મેનેજિંગ કાઉન્સિલની સ્થાપના
- VFIને સુમેળતાપૂર્વક કાર્યરત કરવા માટે લેડિઝ વિંગ, યુથ વિંગ બ્રિગેડિયર જેવી વિશિષ્ટ વિંગની સ્થાપના


**વિઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના પ્રોજેક્ટ**

**રાષ્ટ્રીય નેત્ર યજ્ઞનું લક્ષ્યાંક**

**અંદાજિત રૂા. ૪૦૦ કરોડના ખર્ચે**

**સમગ્ર ભારતમાં ૧૦ લાખથી વધારે નિઃશુલ્ક શસ્ત્રક્રિયા**

૫, બાબુલનાથ રોડ, બાબુલનાથ મંદિરની સામે, મુંબઈ ૪૦૦ ૦૦૭

ફોન : 23627777 - 23629999

Email : eyecare@ visionfoundationofindia.in

website: www.visionfoundationofindia.in


**નોંધ :** ઈચ્છિત વ્યક્તિ ફક્ત રૂ. ૧૫૦૦ દ્વારા એક વ્યક્તિને દ્રષ્ટિદાન કરી શકે છે.